सत्यमेव जयते

ગુજરાત રાજ્ય

# સને ૨૦૧૭–૧૮ ના વર્ષ માટેનો મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ


**નિરીક્ષક,**

**સ્થાનિક ભંડોળ હિસાબ,**

**બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦**

सत्यमेव जयते

ગુજરાત રાજય

# સને ૨૦૧૭–૧૮ ના વર્ષ માટેનો

# મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**નિરીક્ષક,**

**સ્થાનિક ભંડોળ હિસાબ,**

**બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજય, ગાંધીનગર–૩૮૨૦૧૦**

# <u>પ્રસ્તાવના</u>

રાજ્ય સરકારશ્રીના તા.૦૪/૦૫/૨૦૧૧ ના રાજ્યપત્ર (અસાધારણ)માં પ્રસિદ્ધ થયેલા વર્ષ : ૨૦૧૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંક–૨૧ માં જણાવ્યા મુજબ, ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ–૧૦૮(ક) માં દાખલ કરેલ પેટા કલમ (૧) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના હિસાબોનું ઓડીટ ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ હેઠળ કરવાની તથા પેટા કલમ (૨) થી મહાનગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખ પરની કામગીરી ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલને સુપરત કરેલ છે. જે અન્વયે ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ–૧૯૬૩ હેઠળ ઓડિટ અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૨૩/૧૨/૨૦૧૧ના ઠરાવથી વર્ષ ૨૦૧૦–૧૧થી રાજ્યની તમામ મહા નગરપાલિકાઓના હિસાબોની તપાસણી ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ–૧૯૬૩ની જોગવાઈ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય ગાંધીનગરને સુપરત કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીઓની કચેરી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ મારફત રાજ્યની ૮ (આઠ) મહાનગરપાલિકાઓનું સને. ૨૦૧૭–૧૮ના વર્ષનુ ઓડિટ પૂર્ણ કરવામાં આવેલ છે. ઉક્ત ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વના અવલોકનો સમાવતો વિધાનસભામાં રજુ કરવાનો અહેવાલ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ મુજબ મહાનગરપાલિકાઓને સોંપાયેલી ફરજો અને કાર્યો જેવાં કે જાહેર બાંધકામ, શિક્ષણ સુવિધા, જાહેર આરોગ્ય, તથા સફાઈ, નગર/શહેરી વિકાસ, નગર આયોજન, ગરીબ તથા નબળા વર્ગો માટે આવાસ, પાણી પુરવઠા, જાહેર સલામતી, દીવાબતી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ બનાવવા તથા નિભાવવા, ચેપી રોગ નિયંત્રણ, બાગ બગીચા તથા જાહેર શિક્ષણ તથા મનોરંજન વગેરે બાબતોએ કરવામાં આવતી નાગરિક સુવિધાની તેમજ મળવાપાત્ર વેરાઓની ફી, દંડ, મિલકતોથી ભાડા વગેરેની ઉપજો–આવકો તેમજ રાજ્ય સરકારશ્રી તરફથી મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ તેના સંબંધિત હેતુ મુજબ ઉપયોગ વગેરે સંબંધે ધ્યાને આવેલ ઓડિટ અવલોકનો આ અહેવાલમાં દર્શાવેલ છે.

સદરહું અહેવાલ તૈયાર કરતા પહેલાં જે તે ઓડિટ ફકરાઓની નકલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલયના ઠરાવ ક્રમાંક: મનઅ–૮૦૨૦૧૫–૨૮૧૧–પી તા.૩૧/૦૭/૨૦૧૫માં જણાવ્યા મુજબ સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, (વહીવટી વિભાગ) ગાંધીનગરને મોકલી, સમય મર્યાદામાં પૂર્તતા કરવા જણાવવામાં આવેલ, તે સંદર્ભે મળેલ જવાબો/પૂર્તતા અને વિગતોને લક્ષમાં લઈ જે તે બાબતે પ્રવર્તતી છેવટેની સ્થિતિ દર્શાવવા કાળજી લઈને આ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

**નિરીક્ષક**
**સ્થાનિક ભંડોળ હિસાબ**
**ગુજરાત રાજ્ય ગાંધીનગર.**

સ્થળઃ ગાંધીનગર
તા.૦૯/૦૯/૨૦૨૫

# સને ૨૦૧૭–૧૮

# પ્રકરણ ૪

# રાજકોટ મહાનગરપાલિકા

# પ્રકરણ : ૪ રાજકોટ મહાનગરપાલિકા


| અ.નં. | ફકરાનો વિષય | પાન નં. |
|---|---|---|
| ૪.૧ | સંસ્થા દ્વારા અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે (ફ.નં.૦૬) | ૫૭ |
| ૪.૨ | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની જુદી જુદી આવાસ યોજનાઓ અંતર્ગત બનાવેલ આવાસોની ફાળવણી તથા બાકી લેણાની વસુલાત બાબત (ફ.નં.૧૩) | ૫૭ |
| ૪.૩ | એસ્ટેટ શાખા હસ્તકના શોપિંગ સેન્ટરોની દુકાનોના ભાડાની વસુલાતમાં અનિયમિતતા બાબત (ફ.નં.૩૧) | ૫૮ |
| ૪.૪ | ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૩ પાર્ટ–૨ અંતર્ગત રૈયાધાર ખાતે ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ **(STC)** બનાવવાના કામમાં અનિયમિતતા બાબત (ફ.નં.૩૪) | ૫૯ |
| ૪.૫ | ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૨ પાર્ટ–૨ અંતર્ગત મોરબી રોડ પર મુખ્ય પમ્પીંગ સ્ટેશન (MPS-08) બનાવવાના કામમાં (ફક્ત સિવિલ કામ) અનિયમિતતા બાબત (ફ.નં.૩૯) | ૬૧ |
| ૪.૬ | વોર્ડ નં.૧૮ માં કોઠારીયા વિસ્તારમાં આવેલ જુદી–જુદી સોસાયટીઓમાં વોટર સપ્લાય કામે ૨૦૦/૩૦૦ એમ.એમ. ડાયા ની ડી.આઈ. પાઈપલાઈન નાખવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત (ફ.નં.૬૯) | ૬૩ |
| ૪.૭ | વોર્ડ નં–૩ માં રેલનગર મેઈન રોડ પર ફ્લાવર બેડ પ્રકારનાં રોડ ડિવાઈડર બ્લોક નાખવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત(ફ.નં.૮૧) | ૬૪ |
| ૪.૮ | સેન્ટ્રલ સ્ટોર (એન્જી) શાખા દ્વારા વોટર વર્ક્સ વિભાગ માટે જરૂરી એ.સી. પ્રેસર પાઈપની ખરીદી માટે વર્ષ ૨૦૧૭–૧૮ નાં આઈટમ રેટ કોન્ટ્રાક્ટમાં જણાયેલ અનિયમિતતા બાબત(ફ.નં.૯૦) | ૬૫ |
| ૪.૯ | પરત થયેલ વેરા વસુલાત ચેકનાં નાણા(વેરો) પરત જમા ન થવા અંગે (ફ.નં.૧૨૮) | ૬૭ |
| ૪.૧૦ | સાંસ્કૃતિક શાખા દ્વારા ઉચ્ચક બિલમાં જણાયેલ અનિયમિતતા બાબત (ફ.નં.૧૪૮) | ૬૮ |

## પ્રકરણ : ૪ રાજકોટ મહાનગરપાલિકા

### ૪.૧ સંસ્થા દ્વારા અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે. (ફ.નં.૦૬)

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૭–૧૮ ના અન્વેષણ દરમિયાન મૂળ ફકરાના પત્રકની વિગતે રૂ.૮૬,૭૯,૯૭,૮૮૦/– ની રકમના કુલ ૧૨૨૧ વાઉચરો તથા ૫ લાખથી વધુ રકમના રૂ.૩,૯૫,૯૪,૦૮,૬૮૪/– ની રકમના કુલ ૧૧૧૦ વાઉચરો રજૂ કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

### ૪.૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની જુદી જુદી આવાસ યોજનાઓ અંતર્ગત બનાવેલ આવાસોની ફાળવણી તથા બાકી લેણાની વસુલાત બાબત. (ફ.નં.૧૩)

ધી બોમ્બે (ગુજરાત) પ્રોવિ.મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ–૧૯૪૯ ની કલમ ૨૮૪–ટ માં જણાવ્યા મુજબ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ શહેરી ગરીબો માટે રહેઠાણની સગવડ પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની જુદી જુદી આવાસ યોજનાઓ અંતર્ગત આવાસો બનાવી યોગ્ય પાત્રતા ધરાવતા લાભાર્થી કુંટુંબોને આવાસોની ફાળવણી કરવામાં આવેલ હતી.

રાજકોટ મહાનગરપાલિકાની આવાસ (ટિકનિકલ) શાખા દ્વારા અને રાજ્ય સરકારશ્રીની જુદી જુદી આવાસ યોજનાઓ અંતર્ગત આવાસો બનાવવાની કામગીરી કરવામાં આવે છે તેમજ આવાસ (ફાળવણી) શાખા દ્વારા યોગ્ય પાત્રતા ધરાવતા લાભાર્થી કુંટુંબોને આવાસોની ફાળવણી કરવામાં આવે છે.

સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ મુજબની માહિતીનું અવલોકન કરતા નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સંસ્થા દ્વારા મૂળ ફકરામાં સામેલ પત્રકની વિગતે નિર્માણ કરાવેલ ૧૧૭૯૨ આવાસો પૈકી ૧૧૭૬૯ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. ૨૩ આવાસોની ફાળવણી ન કરવા બાબતે આધાર પૂરાવા રજૂ કરેલ નથી.

(૨) સંસ્થાએ ફાળવેલ આવાસો પૈકી લાભાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન કુલ રૂ.૧,૬૭,૯૩,૫૬,૩૩૩/– ની વસુલાત કરેલ નથી.

(૩) કુલ માંગણા રૂ.૩,૧૨,૧૯,૭૦,૦૮૦/–ની સામે સંસ્થા દ્વારા લાભાર્થીઓ પાસેથી રૂ.૧,૪૪,૨૬,૧૩,૭૪૭/– જેટલી રકમ વસુલ કરેલ છે. એટલે કે ફક્ત ૪૬.૨૧% જેટલી વસુલાત થયેલ છે. આમ વસુલાત ખુબ જ નબળી જણાય છે.

(૪) સંસ્થાએ લાભાર્થીઓને ફાળવેલ આવાસોની વિગત ધરાવતુ નિયત કરેલ મિલકત રજિસ્ટર, આવાસોની ફાળવણીની વિગત, લાભાર્થીઓના નામ, આવાસનું સ્થળ તથા સરનામું, ફાળાની રકમ, હપ્તાની રકમ, બાકી વસુલાતની વિગત અંગેનુ રેકર્ડ રજૂ કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

## ૪.૩ એસ્ટેટ શાખા હસ્તકના શોપિંગ સેન્ટરોની દુકાનોના ભાડાની વસુલાતમાં અનિયમિતતા બાબત. (ફ.નં.૩૧)

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલ શોપિંગ સેન્ટરોનો વહીવટ એસ્ટેટ શાખા દ્વારા કરવામાં આવે છે. આ શોપિંગ સેન્ટરની દુકાનો સુખડી લઈ ભાડેથી આપવામાં આવે છે. તે પૈકીની અમુક દુકાનો ભાડુઆતને વેચાણથી આપવામાં આવેલ છે. હાલ મહાનગરપાલિકા હસ્તક આવા કુલ ૧૯ શોપિંગ સેન્ટરો છે. જે પૈકી મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ મુજબના વિવિધ શોપિંગ સેન્ટરોમાં ભાડાની વસુલાત ઘણા લાંબા સમયથી બાકી છે.

કુલ ચડત ભાડું રૂ.૧૭,૩૩,૯૩૩/– છે. બાકી ભાડું તા.૩૧/૦૧/૨૦૨૦ ના રોજ વસૂલ આવ્યાનું ધારીને બાકી વ્યાજની ગણતરી કરતાં રૂ.૨૯,૬૬,૨૯૬/– વસૂલવાના થાય છે. આમ, કુલ રૂ.૪૭,૦૦,૨૨૯/– મહાનગરપાલિકાની માલિકીની દુકાનના ભાડુઆત પાસેથી વસૂલવાના બાકી છે.આ અંગેની ફાઇલ તથા રજિસ્ટરનો અભ્યાસ કરતાં નીચેની વિગતે અનિયમિતતાઓ ધ્યાને આવેલી છે.

(૧) મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ મુજબના શોપિંગ સેન્ટરની ૫૪ દુકાનોનું ભાડું લાંબા સમયથી ભરપાઇ થયેલ નથી. ૧૮% લેખે વાર્ષિક વ્યાજની પેનલ્ટી ગણતાં તા.૩૧/૦૧/૨૦૨૦ સુધીની મુદ્દત દરમિયાન ભાડુ અને વ્યાજ મળી રૂ.૩૬,૯૭,૨૨૫/– ની વસુલાત થયેલ નથી. આ ઉપરાંત ભાડા ચિઠ્ઠીની શરત મુજબ કરવેરા અલગથી વસૂલ કરવાના રહે છે, જે વસૂલ કરેલ નથી. જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૪૩૭(ક)(A) અને ભાડા કરારની શરત મુજબ ૧(એક) માસની નોટિસ આપીને દુકાન ખાલી કરાવી શકે છે, પરંતુ ઉક્ત જોગવાઈનો અમલ ન કરવા બદલ જવાબદારેથી આધારસહ સ્પષ્ટતા કરેલ નથી. જો સમયસર દુકાનો જપ્ત કરી હોત તો જે–તે સમયના પ્રવર્તમાન ઉંચા ભાડાના દરનો લાભ સંસ્થાને મળ્યો હોત.

(૨) ધી ગુજરાત પબ્લિક પ્રિમાઈસીસ (ઈવીક્શન ઓફ અન–ઓથોરાઈઝ ઓક્યુપન્ટ) એક્ટની કલમ–૪ તથા કલમ–૭ અન્વયે સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા નોટીસ આપી આવી દુકાનો ખાલી કરાવવાની કાર્યવાહી કરેલ નથી.

(૩) મ્યુનિસિપલ હાઉસ ટેક્ષ તથા વખતોવખતના અન્ય કરવેરા જે–તે સમયના પ્રવર્તમાન દરે ભાડા ઉપરાંત ભાડુઆતોએ અલગથી ચૂકવેલ હોવાના આધાર પુરાવા રજૂ કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

## ૪.૪ ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૩ પાર્ટ–૨ અંતર્ગત રૈયાધાર ખાતે ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STC) બનાવવાના કામમાં અનિયમિતતા બાબત. (ફ.નં.૩૪)

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ | ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૩ પાર્ટ–૨ અંતર્ગત રૈયાધાર ખાતે ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STC) બનાવવાનુંકામ |
| ૨ | કામની અંદાજીત રકમ | કન્સ્ટ્રક્શન ખર્ચ – ૪૨,૮૩,૫૦,૪૫૦<br>ઓપ.અને મેન્ટેન્સ (૫ વર્ષ) ૫,૧૨,૮૨,૮૪૦<br>કુલ ૪૭,૯૬,૩૩,૨૯૦<br>ટેન્ડર ફી – ૨૩,૫૦૦/– |
| ૩ | ટેન્ડર રકમ | કન્સ્ટ્રક્શન ખર્ચ – ૩૫,૧૬,૦૦,૩૦૦ (૧૭.૯૧% ઓછા)<br>ઓપ.અને મેન્ટેન્સ(૫ વર્ષ)૩,૫૫,૩૨,૪૯૩ (૩૦.૭૧% ઓછા)<br>કુલ ૩૮,૭૧,૩૨,૭૯૩ (૧૯.૨૮% ઓછા) |
| ૪ | કામનો કુલ ખર્ચ | કન્સ્ટ્રક્શન ખર્ચ – રૂ. ૩૫,૧૬,૦૦,૩૦૦<br>ઓપ.અને મેન્ટેન્સ(૫ વર્ષ) રૂ.૩,૫૫,૩૨,૪૯૩( હવે ચૂકવાશે) |
| ૫ | વસુલાતપાત્ર રકમ | રૂ.૪,૬૫,૦૦૦/– ક્વોલિફાઈડ ઈજનેર (SJMMSVY)<br>રૂ.૪,૨૮,૩૫,૦૪૫/– વિલંબ વળતર (SJMMSVY)<br>રૂ.૧,૨૭,૭૮,૫૦૦/– વધુ ચૂકવણુ (SJMMSVY)<br>રૂ.૫,૬૦,૭૮,૫૪૫/– કુલ વસુલાત |

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૭–૧૮ નાં અન્વેષણ દરમિયાન ડ્રેનેજ શાખા દ્વારા ઉક્ત કામ અંગેની વર્ક ફાઇલ તથા માપપોથી રજુ કરેલ જેની ચકાસણી કરતા સંસ્થા દ્વારા ઉક્ત વિગતે કરવાના કામ અંગે રૂ. ૪૭,૯૬,૩૩,૨૯૦/– ના અંદાજ તૈયાર કરી વર્તમાનપત્ર જાહેરાત આપી ઇ–ટેન્ડરીંગ થી ભાવો મંગાવતા કુલ સાત (૭) એજન્સીઓના ભાવ મળેલ હતા, જેમાં L1 તરીકે મે.રાજકમલ બીલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ., અમદાવાદના ભાવ અંદાજ કરતાં ૧૯.૨૮% નીચા ભાવ હોઈ રૂ.૩૮,૭૧,૩૨,૭૯૩/– થી ટેન્ડર મંજૂર કરી તા.૦૧/૦૩/૨૦૧૪ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.

ઉક્ત કામની વર્ક ફાઈલ તથા માપપોથીની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

(૧) સદર ટેન્ડર ૧૯.૨૮% નીચુ મંજૂર કરવામાં આવેલ હોવા છતાં રેટ એનાલીસીસ કરેલ નથી.

(૨) નિયમોનુસાર સદર ટેન્ડરની જાહેર નિવિદા વર્તમાનપત્રોમાં આપેલ નથી.

(૩) નિયમોનુસાર ટેન્ડરનો સમયગાળો ૩૦ દિવસના બદલે ફક્ત ૧૬ જ દિવસ રાખેલ છે.

(૪) રોયલ્ટી ભર્યાનાં આધાર/નો ડ્યુ સર્ટીફિકેટ રજૂ કરેલ નથી.

(૫) નિયમોનુસાર સીક્યુરીટી ડિપોઝીટ મેળવેલ નથી.

(૬) ઈજારદારે લેબર લાયસન્સ મેળવેલ નથી.

(૭) કુલટાઈમ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણૂંક ન કરવા બદલ ઈજારદાર પાસેથી (૩૧ માસ **x** ૧૫,૦૦૦) રૂ.૪,૬૫,૦૦૦/– ની વસુલાત કરેલ નથી.

(૮) રૂ.૪,૨૮,૩૫,૦૪૫/– વિલંબ વળતરની વસુલાત કરેલ નથી.

(૯) અંદાજિત રકમની ગણતરીમાં અનિયમિતતા:

રૈયાધાર ખાતે ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STC)બનાવવાના અંદાજિત રકમની ગણતરી કરતી વખતે GWSSB ના વર્ષ ૨૦૧૩–૧૪ નાં ડ્રેનેજના SOR ધ્યાને લઇ તૈયાર કરાયેલ છે. એમ ટેન્ડરમાં દર્શાવેલ છે. SOR મુજબ આ અંગેની જોગવાઈ નીચે મુજબ હતી.

GWSSB SOR of 2013-14, Section – C, Item no.22, Pg. no. 84

| Capacity of Plant in MLD | No. Basin | Area Required (Ha) | Rate per MLD in Lacs |
|---|---|---|---|
| 2 | 2 | 0.2 | 225.00 |
| 3 | 2 | 0.25 | 200.00 |
| 5 | 2 | 0.4 | 150.00 |
| 10 | 2 | 0.7 | 110.00 |
| 15 | 2 | 0.75 | 95.00 |
| 20 | 4 | 0.8 | 88.00 |
| 25 | 4 | 1 | 85.00 |
| 30 | 4 | 1.2 | 82.00 |
| 40 | 4 | 1.6 | 79.00 |
| 50 | 4 | 1.75 | 76.00 |
| 60 | 4 | 1.9 | 73.00 |

(૯.૧) ઉપરોક્ત જોગવાઈ મુજબ ૫૬ એમ.એલ.ડી. પ્લાન્ટની ગણતરી કરતી વખતે ૫૦ થી ૬૦ એમ.એલ.ડી.ના ભાવ ધ્યાને લઇ ૫૬*૭૩.૦૦ = ૪૦૮૮.૦૦ લાખ અંદાજિત રકમ ગણવી જોઇતી હતી. તેના બદલે ૫૦ એમ.એલ.ડી. સુધી ૭૬.૦૦ લાખ જ્યારે બાકીના ૬ એમ.એલ.ડી. ૭૩.૦૦ લેખે ગણતા કુલ અંદાજિત રકમ રૂ. ૪૨૩૮.૦૦ લાખ નક્કી કરાતા ૧૫૦.૦૦ લાખ વધુ ખર્ચ ગણેલ છે. પરંતુ ૧૭.૯૧% નીચી કિંમતે ટેન્ડર મંજૂર થયેલ હોય, રૂ.૧,૨૭,૭૮,૫૦૦/– વધુ ચૂકવણું ગણતરી ભૂલના લીધે થયેલ હોય, તેની વસુલાત કરેલ નથી.

(૯.૨) આ કામગીરી માટે સ્પેશ્યલાઇઝડ વર્ક હોય કન્સલ્ટન્ટ તરીકે મલ્ટી મીડીયા કન્સલ્ટન્ટ પ્રા. લી. ની સેવા લેવામાં આવેલ હોય, એસ્ટીમેટ તૈયાર કરવા માટે તેમની સ્પેશિયલાઇઝડ સેવા લેવામાં આવેલ હોવા છતાં આ કામગીરીમાં કોર્પોરેશનને વધારે ખર્ચ થયેલ છે. તેમની પાસેથી નિયમાનુસાર દંડની વસુલાત કરેલ નથી તેમજ મલ્ટી મીડીયા કન્સલ્ટન્ટ પ્રા. લી. સાથેના કરાર અંગેના ડોક્યુમેન્ટસ રજુ કરેલ નથી.

(૯.૩) કન્સલ્ટન્ટ એજન્સીના કામનું સુપરવિઝન કરનાર જવાબદારેથી સ્પષ્ટતા કરેલ નથી.

(૧૦) ઈજારદાર દ્વારા બાંધકામની વિગતો અને સ્પેશિફિકેશન દર્શાવતું બોર્ડ કામના સ્થળે મૂકવામાં આવેલ નથી.

(૧૧) સદર કામે વપરાશ થયેલ માલસામાનના બિલો રજૂ કરેલ નથી.

(૧૨) સદર કામના રનીંગ બીલો તથા ફાઈનલ બીલનાં અસલ વાઉચર રજૂ કરેલ નથી.

(૧૩) ટેન્ડર ડોક્યુમેન્ટ ફાઈલ રજૂ કરેલ નથી.

(૧૪) ફાઈનલ બીલ ચૂકવણામાં થયેલ વિલંબ બાબતે આધારસહ સ્પષ્ટતા કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

**૪.૫ ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૨ પાર્ટ–૨ અંતર્ગત મોરબી રોડ પર મુખ્ય પમ્પીંગ સ્ટેશન (MPS-08) બનાવવાના કામમાં (ફક્ત સિવિલ કામ) અનિયમિતતા બાબત (ફ.નં.૩૯)**

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ | ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૨ પાર્ટ–૨ અંતર્ગત મોરબી રોડ પર મુખ્ય પમ્પીંગ સ્ટેશન (MPS-08) બનાવવાનું કામ (ફક્ત સિવિલ કામ) |
| ૨ | કામ શરૂ કરવાની તારીખ | તા.૦૧/૧૦/૨૦૧૩ |
| ૩ | કામ પુરુ કરવાની તારીખ | તા.૦૮/૦૪/૨૦૧૭ |
| ૪ | ખરેખર કામ પૂરુ કર્યા તારીખ | તા.૦૮/૦૪/૨૦૧૭ |
| ૫ | કામની અંદાજીત રકમ | રૂ.૯,૪૧,૦૦,૦૦૦/– ટેન્ડર ફી – ૩૬૦૦/– |
| ૬ | મંજુર થયેલ ટેન્ડરની રકમ | રૂ.૧૩,૧૩,૬૩,૬૦૦/– (૩૯.૬૦% ઊંચું) |
| ૭ | કામનો કુલ ખર્ચ | રૂ.૧૩,૮૬,૬૧,૩૩૧/–<br>(એક્સ્ટ્રા કામ – રૂ.૭૨,૯૭,૦૦૦/–) |
| ૮ | વસુલાતપાત્ર રકમ | |
| | JnNURM ફેઇઝ–૨ પાર્ટ–૨(ટેન્ડર-ફી) | રૂ.૮,૪૦૦/– |
| | સ્ટેમ્પ ડ્યુટી–૦૦૩૦ | રૂ.૧,૬૦,૮૬૫/– |
| | (ઇજનેર ન રાખવા બદલ વસુલાત) | રૂ.૬,૩૦,૦૦૦/–JnNURM ફેઇઝ–૨ પાર્ટ–૨ |
| | (વિલંબ વળતર) | રૂ.૮૦,૯૬,૩૬૪/–JnNURM ફેઇઝ–૨ પાર્ટ–૨ |
| | | રૂ.૮૮,૯૫,૬૨૯/– કુલ વસુલાત |

મહાનગરપાલિકા રાજકોટની ડ્રેનેજ શાખા દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮ માં કરવામાં આવેલ "ડ્રેનેજ પ્રોજેક્ટ ફેઇઝ–૨ પાર્ટ–૨ અંતર્ગત મોરબી રોડ પર મુખ્ય પમ્પીંગ સ્ટેશન (MPS-08) બનાવવાનું કામ (ફક્ત સિવિલ કામ)" માટે જાહેર નિવિદા આપી ટેન્ડર બહાર પાડવામાં આવેલ, જેમાં L-1 તરીકે ઓર્બીટ આર્ટીઝન્સ પ્રા.લિ. વડોદરા આવતાં અંદાજીત રકમથી ૩૯.૬૦% ઉંચા ભાવથી ટેન્ડર મંજુર કરવામાં આવેલ હતું. સદર કામે તા.૩૦/૦૮/૨૦૧૩ ના રોજ વર્ક ઓર્ડર આપી આ કામ ૧૨ માસમાં પૂર્ણ કરવા જણાવેલ હતું.

ઉક્ત કામની ફાઈલ તથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સદર કામ અંદાજીત રકમના ૩૯.૬૦% ઉંચા ભાવે મંજુર કરેલ હોવા છતાં રેટ એનાલીસીસ કરેલ નથી તેમજ રીવાઈઝ અંદાજો તૈયાર કરેલ નથી.

(૨) નિયમોનુસાર ટેન્ડરની જાહેર નિવિદા વર્તમાનપત્રોમાં આપેલ ન હોઈ હરીફાઈયુક્ત ભાવનો લાભ ગુમાવેલ છે.

(૩) ટેન્ડર નોટીસનો સમયગાળો નિયમોનુસાર ૩૦ દિવસને બદલે માત્ર ૧૩ દિવસ જ રાખેલ છે.

(૪) નિયમોનુસાર ટેન્ડર ફી રૂ.૧૨,૦૦૦/–ને બદલે માત્ર રૂ.૩૬૦૦/– વસુલ કરેલ હોઈ ખૂટતી ટેન્ડર ફી રૂ.૮,૪૦૦/– ની વસુલાત કરેલ નથી.

(૫) ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમ રૂ.૧,૬૦,૮૬૫/– ની વસુલાત કરેલ નથી.

(૬) સદર કામે ઈજારદારે રોયલ્ટી ભર્યાના આધાર/નો ડ્યુ પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.

(૭) નિયમોનુસાર વપરાશ કરેલ માલસામાનનું ટેસ્ટિંગ કરાવેલ નથી.

(૮) ઈજારદારે લેબર લાયસન્સ મેળવેલ નથી.

(૯) સદર કામે ફુલટાઇમ ક્વોલીફાઈડ ઈજનેર ના રાખવા બદલ ઈજારદાર પાસેથી રૂ.૬,૩૦,૦૦૦/– ની વસુલાત કરેલ નથી.

(૧૦) ઈજારદારે બાંધકામના સ્થળે બાંધકામની વિગતો અને સ્પેશિફિકેશન દર્શાવતુ બોર્ડ મુકેલ નથી.

(૧૧) રૂ.૮૦,૯૬,૩૬૪/– વિલંબ વળતરની વસુલાત કરેલ નથી.

(૧૨) વપરાશ થયેલ મટીરીયલ્સના અસલ બીલો ઈજારદાર પાસેથી મેળવી ફાઈલે સામેલ રાખેલ નથી.

(૧૩) સદર કામના રનીંગ બીલો તથા ફાઈનલ બીલના અસલ વાઉચર રજૂ કરેલ નથી.

(૧૪) કામ પૂર્ણ થયા બાદ વિલંબથી ચુકવણુ થવા બાબતે સ્પષ્ટતા થયેલ નથી.

(૧૫) સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં.૨૧૪ તા.૨૪/૦૭/૨૦૧૫ થી કામ મંજુર થયા પહેલા ટેન્ડર પ્રક્રિયા કરેલ છે.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

**૪.૬ વોર્ડ નં.૧૮ માં કોઠારીયા વિસ્તારમાં આવેલ જુદી–જુદીસોસાયટીઓમાં વોટર સપ્લાય કામે ૨૦૦/૩૦૦ એમ.એમ. ડાયાની ડી.આઈ. પાઈપલાઈન નાખવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફ.નં.૬૯)**

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ | વોર્ડ નં.૧૮ માં કોઠારીયા વિસ્તારમાં આવેલ જુદી–જુદીસોસાયટીઓમાં વોટર સપ્લાયના કામે ડી.આઈ પાઈપલાઈન નાખવાનું કામ |
| ૨ | કામ ખરેખર શરૂ કર્યા તારીખ | રજુ નથી. |
| ૩ | કામ ખરેખર પુર્ણ કર્યા તારીખ | રજુ નથી. |
| ૪ | કમ્પ્લીશન સર્ટીફિકેટની તારીખ અને ખર્ચની રકમ | રજુ નથી. |
| ૫ | માપપોથી નંબર | રજુ નથી. |
| ૬ | છેલ્લા બિલની રકમ, બિલ નંબર/તારીખ | રજુ નથી. |
| ૭ | કામની અંદાજીત રકમ | રૂ.૪૭,૫૪,૬૦૨/– |
| ૮ | મંજુર થયેલ ટેન્ડરની રકમ | રૂ.૫૩,૭૨,૭૦૦/– (૧૩% ઉચા) |
| ૯ | કામનો કુલ ખર્ચ | રજુ નથી. |
| ૧૦ | વસુલાતપાત્ર રકમ | રૂ.૧,૬૬૧/– ૦૦૩૦– સ્ટેમ્પડ્યુટી<br>રૂ.૪૭,૫૪૬/– ટેસ્ટીંગ ચાર્જ<br>રૂ.૪૯,૨૦૭/– કુલ વસુલાત |

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૭–૧૮ ના અન્વેષણ દરમિયાન વોટરવર્કસ શાખા દ્વારા વોર્ડ નં.૧૮ માં કોઠારીયા વિસ્તારમાં આવેલ જુદી–જુદી સોસાયટીઓમાં વોટર સપ્લાય કામે ૨૦૦/૩૦૦ એમ.એમ. ડાયાની ડી.આઈ. પાઈપલાઈન નાખવાનાં કામે જાહેર નિવિદાથી ભાવો મંગાવતા કુલ–૦૩ એજન્સીઓના ભાવ ભરાઇને આવેલાં, સદર ૦૩ એજન્સીઓમાંથી સૌથી નીચા ભાવ કે.એસ.ડી. કન્સ્ટ્રક્શનના હોય, તેને સ્થાથી સમિતિના તા.૨૭/૦૪/૨૦૧૭ ના ઠરાવ નં.૦૫ થી મંજુર કરવામાં આવેલ હતા. સદર કામની ફાઇલની ચકાસણી કરતાં નીચે મુજબની અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) નિયમોની જોગવાઈ અનુસાર ટેન્ડરની વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા આપેલ નથી.

(૨) નિયમોનુસાર ટેન્ડર સમયગાળો ૧૫ દિવસના બદલે ફક્ત ૧૦ જ દિવસ રાખેલ હતો.

(૩) સદર કામે ટેન્ડર ૧૩% ઉંચા ભાવથી મંજુર કરેલ હોવા છતાં રેટ એનાલીસીસ કરેલ નથી તેમજ રીવાઈઝ તાંત્રિક તથા વહીવટી મંજુરી મેળવેલ નથી.

(૪) ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી રૂ.૧૬૬૧/– ની વસુલાત કરેલ નથી.

(૫) ટેસ્ટિંગ ચાર્જ રૂ.૪૭,૫૪૬/– ની વસુલાત કરેલ નથી.

(૬) વપરાશમાં લીધેલ માલસામાનના અસલ બિલો ઈજારદાર પાસેથી મેળવી સંસ્થાએ રજૂ કરેલ નથી.

(૭) તાંત્રિક મંજુરી મેળવ્યાના આધાર રજૂ કરેલ નથી.

(૮) રોયલ્ટી વસુલાત કે નો ડ્યુ સર્ટીફિકેટ મેળવ્યાના આધાર રજૂ કરેલ નથી.

(૯) સદર કામે કામ પૂર્ણતા પ્રમાણપત્ર (WCC) રજૂ કરેલ નથી.

(૧૦) નિયમાનુસાર વપરાશમાં લીધેલ માલસામાનનું ટેસ્ટિંગ કર્યાના આધાર રજૂ કરેલ નથી.

(૧૧) સદર કામે માપપોથી રજૂ કરેલ નથી.

(૧૨) સ્ટે.ક.ઠ.નં. ૦૫ તા.૨૭/૦૪/૨૦૧૭ થી કામ મંજૂર થયા પહેલા ટેન્ડર પ્રક્રિયા કરવા બદલ સ્પષ્ટતા કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦-૦૬-૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

**૪.૭ વોર્ડ નં-૩ માં રેલનગર મેઈન રોડ પર ફ્લાવર બેડ પ્રકારનાં રોડ ડિવાઈડર બ્લોક નાખવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફ.નં.૮૧)**

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ | વોર્ડ નં-૩ માં રેલનગર મેઈન રોડ પર ફ્લાવર બેડ પ્રકારનાં રોડ ડિવાઈડર બ્લોક નાખવાનું કામ |
| ૨ | કામની અંદાજીત રકમ | રૂ.૩૫,૮૫,૦૦૦/- |
| ૩ | મંજુર થયેલ ટેન્ડરની રકમ | રૂ.૨૮,૩૨,૧૫૦/- (૨૧% નીચા) |
| ૪ | કામનો કુલ ખર્ચ | ૨૦,૩૨,૨૧૦/- (માપપોથી મુજબ) |
| ૫ | વસુલાતપાત્ર રકમ | રૂ.૮૭૨/- ૦૦૩૦- સ્ટેમ્પ ડ્યુટી<br>રૂ.૧,૭૨,૭૬૧/- વિલંબ વળતર<br>રૂ.૪,૩૫૫/- આવકવેરો<br>રૂ.૨,૧૭૭/- લેબર સેસ<br>રૂ.૧,૮૦,૧૬૫/- કુલ વસુલાત |

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૭-૧૮ ના અન્વેષણ દરમિયાન ટ્રાફીક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા દ્વારા વોર્ડ નં-૩ માં રેલનગર મેઈન રોડ પર ફ્લાવર બેડ પ્રકારનાં રોડ ડિવાઈડર બ્લોક નાખવાનાં કામે ઈ-ટેન્ડરીંગ કરી ભાવો મંગાવતા કુલ-૦૫ એજન્સીઓના ભાવ ભરાઈને આવેલાં તથા ક્વોલીફાઈડ થયેલ સદર ૦૫ એજન્સીઓમાંથી સૌથી નીચા ભાવ "મે. પટેલ કન્સ્ટ્રક્શન એન્ડ કુ. રાજકોટ" ના હોય, તેને સ્થાયી સમિતિના તા.૦૬/૦૩/૨૦૧૭ ના ઠરાવ નં.૪૧૧ થી મંજુર કરવામાં આવેલ હતા. સદર કામની ફાઈલની ચકાસણી કરતાં નીચે મુજબની અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) નિયમોની જોગવાઈ અનુસાર સદર કામના ટેન્ડરની જાહેરાત વર્તમાનપત્રોમાં આપેલ નથી.

(૨) સદર કામનું ટેન્ડર ૨૧% નીચુ મંજુર થયેલ હોવા છતાં રેટ એનાલીસીસ કરેલ નથી તેમજ રિવાઈઝ તાંત્રિક તથા વહીવટી મંજુરી મેળવેલ નથી.

(૩) ઘટતી એફ.ડી.આર. સ્વરૂપે સિક્યુરીટી ડિપોઝીટ રૂ.૧૮,૮૨૦/- તેમજ અંતિમ બિલેથી કપાત કરવાની ૨.૫% લેખે સિક્યુરીટી ડિપોઝીટ રૂ.૮૯,૬૨૫/- મળી કુલ રૂ.૧,૦૮,૪૪૫/- મેળવેલ નથી.

(૪) નિયમાનુસાર ૨૦% થી નીચા ભાવે ટેન્ડર મંજુર થયેલ હોઈ ટેન્ડરની રકમના તફાવત પર ૫% લેખે વધારાની સિક્યુરીટી ડિપોઝીટ રૂ.૩૭,૬૪૩/- મેળવેલ નથી.

(૫) ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી રૂ.૮૭૨/- ની વસુલાત કરેલ નથી.

(૬) રૂ.૧,૭૯,૨૫૦/- ના પરફોર્મન્સ બોન્ડ મેળવેલ નથી.

(૭) ગુજરાત નાણાકીય નિયમો ૧૯૭૧ ના નિયમ ૧૫(૩) મુજબના કરારના સામાન્ય સિદ્ધાંતો મુજબ કરારની તારીખ તથા મુદત સ્પષ્ટ અને ચોક્કસ હોવી જોઇએ પરંતુ સદરહુ કામના કરારખતમાં કરારની તારીખ અને મુદ્દત અંગેનો કોઇ ઉલ્લેખ નથી.

(૮) રૂ.૧,૭૨,૭૬૧/- વિલંબ વળતરની વસુલાત કરેલ નથી.

(૯) સદર કામે કામ પૂર્ણતા પ્રમાણપત્ર (WCC) રજુ કરેલ નથી.

(૧૦) ખૂટતી ટી.ડી.એસ. ની રકમ રૂ.૪,૩૫૫/- ની વસુલાત કરેલ નથી.

(૧૧) ખૂટતી લેબરસેસની રકમ રૂ.૨,૧૭૭/- ની વસુલાત કરેલ નથી.

(૧૨) નિયમોનુસાર સદર કામે વપરાશ થયેલ માલસામાનની ખરીદીના બીલો સંસ્થા દ્વારા રજૂ કરેલ નથી.

(૧૩) ઈજારદાર દ્વારા રોયલ્ટી ભર્યાના કે નો ડ્યુ સર્ટીફિકેટ મેળવ્યાના આધાર રજૂ કરેલ નથી.

(૧૪) નિયમોનુસાર વપરાશ કરેલ માલસામાનનુ ટેસ્ટિંગ કર્યાના આધાર સામેલ નથી.

(૧૫) વહીવટી મંજુરી આપ્યા બાદ ૫૧ દિવસના વિલંબ બાદ વર્ક ઓર્ડર આપવા બાબતે સ્પષ્ટતા કરેલ નથી.

(૧૬) સ્ટે.ક.ઠ.નં. ૪૧૧ તા.૦૬/૦૩/૨૦૧૭ થી કામ મંજૂર થયા પહેલા ટેન્ડર પ્રક્રિયા કરવા બદલ સ્પષ્ટતા કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦-૦૬-૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

### ૪.૮ સેન્ટ્રલ સ્ટોર (એન્જી) શાખા દ્વારા વોટર વર્ક્સ વિભાગ માટે જરૂરી એ.સી. પ્રેસર પાઈપની ખરીદી માટે વર્ષ ૨૦૧૭-૧૮ નાં આઈટમ રેટ કોન્ટ્રાક્ટમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફ.નં.૯૦)

રાજકોટ મહાનગરપાલિકાનાં સને ૨૦૧૭-૧૮ નાં અન્વેષણ દરમિયાન સંસ્થાનાં સેન્ટ્રલ સ્ટોર (એન્જી) શાખા દ્વારા વોટરવર્ક્સ વિભાગ માટે જરૂરી એ.સી. પ્રેસર પાઈપની ખરીદી માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ કરવા માટે ઈ-ટેન્ડરીંગ પ્રક્રીયા કરી જુદી-જુદી ૪૩ આઈટમો માટે ભાવો મંગાવવામાં આવેલ હતા. જેમા કુલ ૦૩ એજન્સીઓના ભાવો મળેલ હતા. જેમા જે તે આઈટમ વાઈઝ એલ-૧ ભાવ અંગે એજન્સી સાથે રેટ કોન્ટ્રાક્ટ કરવાં સ્થાયી સમિતીનાં ઠરાવ નં-૨૦૯ તા.૦૭/૦૯/૨૦૧૭ થી મંજુરી આપતા કુલ-૦૨ એજન્સી સાથે નીચેની વિગતે કરાર કરેલા હતા.

| ક્રમ | એજન્સીનું નામ | એલ–૧ આઈટમની સંખ્યા |
|---|---|---|
| ૧ | એ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી ભિલવારા રાજસ્થાન | ૧૩ |
| ૨ | અપૂર્વ વિનિમય પ્રા.લી અમદાવાદ | ૨૮ |
| ૩ | ભાવ આવેલ નથી | ૦૨ |
| **કુલ** | | **૪૩** |

ઉક્ત વિગતે કુલ–૪૩ આઈટમો પૈકી ૦૨ આઈટમોનાં ભાવો આવેલ ન હતા. સંસ્થા દ્વારા જૂદા–જૂદા વર્ક ઓર્ડરથી માંગણી મુજબનો જથ્થો જે તે એજન્સી પાસેથી મંજુર કરેલ ભાવે ખરીદી કરેલ હતી. જે અંગે રજુ થયેલ વર્ક ફાઈલની ચકાસણી કરતા નીચે મુજબની અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) સદર કામે સંસ્થા દ્વારા અંદાજીત કિંમત નક્કી કરવામાં આવેલ નથી. એજન્સી નક્કી કરવા માટે લાયકાતના ધોરણો, ઈ.એમ.ડી. ની રકમ, ટેન્ડર ફી, સિક્યુરીટી ડિપોઝીટ કયા આધારે નક્કી કરેલ છે. તેની સ્પષ્ટતા થયેલ નથી.

(૨) સંસ્થા દ્વારા આ વાર્ષિક કોન્ટ્રાક્ટ અન્વયે કુલ કેટલો જથ્થો ખરીદેલ હતો તેની માહિતી રજુ થયેલ નથી.

(૩) સદર કામનાં ટેન્ડર અન્વયે સંસ્થા દ્વારા કુલ કેટલી ખરીદી કરવામાં આવેલ હતી તેના વાઉચરો રજુ કરેલ ન હોય જેથી ઉક્ત ખરીદી અન્વયે થયેલા ચુકાદાઓમાંથી આવકવેરા અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૯૪(સી) મુજબ ૨% આવકવેરા અંગેની કપાતો કરાયેલ હોવા અંગેના આધારો રજૂ કરેલ નથી.

(૪) નિયમોની જોગવાઈ અનુસાર ટેન્ડરની જાહેરાત વર્તમાનપત્રોમાં આપેલ નથી.

(૫) નિયમોની જોગવાઈ વિરુદ્ધ ટેન્ડરનો સમયગાળો ૨૧ દિવસને બદલે માત્ર ૧૫ દિવસનો રાખેલ હતો.

(૬) ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી રૂ.૪૮,૮૦૦/– ની વસુલાત કરેલ નથી.

(૭) સદર કામના ટેન્ડર અન્વયે સંસ્થા દ્વારા વોટરવર્ક્સની કુલ ૪૩ આઈટમો માટે ભાવો મંગાવવામાં આવેલ હતા. જ્યારે ૦૨ આઈટમોનાં ભાવો એક પણ એજન્સી દ્વારા ભરવામાં આવેલ ન હતા. તેથી બાકી રહેલ જે તે ૦૨ આઈટમોની સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન કઈ રીતે ખરીદી કરવામાં આવેલ હતી ? તેમજ કેટલી ખરીદી કરવામાં આવેલ હતી ? તેની આધારસહ સ્પષ્ટતા થયેલ નથી.

(૮) સદરહુ ટેન્ડરની શરત નં–૪(બી) મુજબ ભાવો ભરનાર એજન્સીએ ભારતીય માનાંક બ્યુરોનું માન્ય સર્ટીફીકેટ રજુ કરવાનું રહે છે. જે અન્વયે સદરહુ કામમાં ક્વોલીફાઈ થયેલ એજન્સી શ્રી અપૂર્વ વિનિમય પ્રા.લી દ્વારા રજુ કરાયેલ ભારતીય માનાંક બ્યુરોનું સર્ટીફીકેટ તા.૧૬/૧૧/૨૦૧૭ સુધી જ માન્ય હોવા છતાં સંસ્થા દ્વારા સદર એજન્સીને તા.૧૬/૧૧/૨૦૧૭ પછી વર્કઓર્ડર આપી ખરીદી કરવા બાબતે આધાર પુરાવા રજુ કરેલ નથી.

(૯) સદરહુ રેટ કોન્ટ્રાક્ટ અન્વયે વર્ષ દરમિયાન થયેલ ખરીદીના સ્ટોક અંગે મ્યુનિસિપલ એક્ટ કોડની કલમ–૧૩૮ મુજબ ખાતાના વડા દ્વારા વર્ષમાં એક વખત ભૌતિક ચકાસણી કરવાની જોગવાઈ છે, જેની અમલવારી થયેલ નથી.

(૧૦) સદર કામની ફાઈલની ચકાસણી કરતાં, સદર કામના ભાવો વર્ષ ૨૦૧૭–૧૮ માટે મેળવવા તા.૧૧/૦૫/૨૦૧૭ થી વર્તમાનપત્રમાં નિવિદા આપી ભાવો મંગાવવામાં આવેલ હતા. તેમજ તા.૦૯/૦૧/૨૦૧૮ થી ઈજારદારો સાથે કરારો કરવામાં આવેલ હતા. આમ, સમગ્ર ટેન્ડર પ્રક્રિયામાં અંદાજે ૯ માસ જેટલો સમયગાળો થયેલ હતો. ઉપરાંત સને ૨૦૧૭–૧૮ ના વર્ષ માટેના વાર્ષિક ભાવો અંગે કરારખત સદર વર્ષના ૯ માસ બાદ કરવામાં આવતા જે તે વર્ષ માટે મંગાવેલ વાર્ષિક ભાવોની યથાર્થતા જળવાતી નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

### ૪.૯ પરત થયેલ વેરા વસુલાત ચેકનાં નાણા (વેરો) પરત જમા ન થવા અંગે. (ફ. નં.૧૨૮)

મહાનગરપાલિકા રાજકોટનાં સને ૨૦૧૭–૧૮ના અન્વેષણ દરમિયાન વેરા વસુલાત શાખા દ્વારા રજુ કરાયેલ કોમ્પ્યુટરાઈઝ સોફ્ટવેર જનરેટેડ ચેક રીટર્ન રીપોર્ટની ચકાસણી કરતા અન્વેષણ વર્ષ દરમિયાન કુલ ૭૨૫ ચેક બેન્ક દ્વારા પરત કરાયેલ હતા. જેમાંથી મુળ ફકરામાં સામેલ પરિશિષ્ટ–અ મુજબ ૭૧ પાર્ટીઓએ હાલ (તા.૩૧/૦૫/૨૦૨૦) સુધી બાકી વેરાની રકમ ભરપાઈ કરેલ નથી. જેની કુલ બાકી રકમ જે તે સમયે રૂા. ૩૦,૫૬,૯૭૯/– હતી. વર્ષ – ૨૦૧૭–૧૮ દરમિયાન કુલ ૭૨૫ પૈકી ૪૪૫ કેસોમાં ૩૨ દિવસથી લઈને ૧૧૪૧ દિવસ બાદ નાણાં ફરીથી ભરવામાં આવેલ છે. જેની કુલ બાકી રકમ જે તે સમયે રૂા.૧,૫૬,૦૦,૯૨૮/– હતી. મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ–બ માં આ અંગેની વિગતો સામેલ છે. ઉપરોક્ત ૭૨૫ પૈકી ૨૦૩ કેસમાં કેસ દીઠ ફરી ભરાયેલ રકમમાં રૂ.૫૦૭ થી રૂ.૪,૭૦,૩૭૧/– સુધીની પ્રથમ ભરાયેલ રકમ કરતા ઓછી ભરાયેલ જણાય છે. જે કુલ મળીને રૂા. ૪૫,૯૧,૩૭૪/– રકમ થાય છે.

| ક્રમ | વિગત | કેસની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | કુલ ચેક પરત | ૭૨૫ | ૨,૩૯,૧૮,૬૯૬ |
| ૨ | ૩૧ દિવસમાં જેના નાણાં ભરાયેલ છે તેવા કેસ | ૨૦૯ | ૫૮,૫૨,૯૨૭ |
| ૩ | ૩૨ થી ૭૪૬ દિવસમાં નાણાં ભરાયેલ છે તેવા કેસ | ૪૪૫ | ૮૬,૬૬,૫૧૨ |
| ૪ | તા.૩૧/૦૫/૨૦૨૦ સુધીમાં ન ભરાયેલ હોય તેવા કેસ | ૭૧ | ૩૨,૦૮,૯૮૫ |
| ૫ | ચેક પરત કરતા ઓછી રકમ (રૂા. ૫૦૦/– થી વધુ ઓછા) ભરાયેલ હોય તેવા કેસ | ૨૦૩ | ૪૫,૯૧,૩૭૪ |

ઉપરોક્ત બાબતે નીચે મુજબની અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન પરત આવેલ ચેકની રકમ જે તાત્કાલિક પરત ભરપાઇ કરવામાં આવેલ નથી. તેવા ૫૧૬ (મુળ ફકરામાં સામેલ પરિશિષ્ટ–અ મુજબ ૭૧ + મુળ ફકરામાં સામેલ પરિશિષ્ટ–બ મુજબ ૪૪૫) કેસોમાં નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ કાર્યવાહી થયેલ છે કે કેમ તેની રેકર્ડ આધારીત સ્પષ્ટતા કરેલ નથી.

(૨) મુળ ફકરામાં સામેલ પરિશિષ્ટ –અ માં દર્શાવેલ રૂ.૩૦,૫૬,૯૭૯/– પરત થયેલ વેરા વસુલાતનાં ચેકની રકમ જે હજુ સુધી (તા.૩૧/૦૫/૨૦૨૦) ભરપાઇ થયેલ નથી.

(૩) પરત ચેકની રકમ અને ફરી ભરાયેલ રકમ વચ્ચે (મુળ ફકરામાં સામેલ પરિશિષ્ટ –બ માં દર્શાવ્યા મુજબ) નો તફાવત રૂ.૪૫,૯૧,૩૭૪/– છે. આ ઓછી ભરાયેલ રકમની વસુલાતની રેકર્ડ આધારીત સ્પષ્ટતા કરેલ નથી.

(૪) નમુનારૂપ કિસ્સાનો અભ્યાસ કરતા જણાય છે કે ચેક રીટર્નના સંજોગોમાં, લાંબાગાળે પરતનાં સંજોગોમાં પણ કસુરવાર પાર્ટી પાસેથી કોઇપણ પ્રકારનો ચેક રીટર્ન ચાર્જ વસુલાયેલ જણાતો નથી. આ અંગેની કોર્પોરેશનમાં કોઇ જોગવાઇ છે કે કેમ? ચેક પરતનાં સંજોગોમાં બેન્ક દ્વારા કોર્પોરેશન પાસેથી કોઇપણ પ્રકારનો ચાર્જ વસુલવામાં આવે છે કે કેમ ? આ અંગે આધારસહ સ્પષ્ટતા કરેલ નથી.

(૫) વેરા વસુલાત શાખા દ્વારા મેન્યુઅલ પ્રોપર્ટી લેઝર નિભાવવામાં આવતુ નથી. કોમ્પ્યુટરાઇઝ સોફ્ટવેર જનરેટેડ જે તે પાર્ટીના પ્રોપર્ટી લેઝરમાં ચેક રીટર્નની નોંધ દર્શાવવામાં આવતી નથી. જેથી કોઇપણ પ્રોપર્ટીના લેઝરનાં અભ્યાસથી તે પાર્ટીની સંપૂર્ણ માહિતી મેળવી શકાતી નથી.

(૬) મહાનગરપાલિકાની મુખ્ય આવકનો સ્ત્રોત કરવેરા હોવાથી પરત ચેકનાં સમયસર ન ભરાવવાથી માંગણા વસુલાત ઓછી રહેવાથી સંસ્થાની નાણાંકીય સ્થિતિ ઉપર સીધી અસર થાય છે અને જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૬૩ હેઠળનાં કાર્યો મહાનગરપાલિકા સારી રીતે બજાવી શકતી નથી. પરત ચેકનાં સંજોગોમાં સમયસર કાયદેસરની કાર્યવાહી કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦–૦૬–૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.

## ૪.૧૦ સાંસ્કૃતિક શાખા દ્વારા ઉચ્ચક બિલમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફ.નં.૧૪૮)

રાજકોટ મનપા દ્વારા સાંસ્કૃતિક શાખા મારફત અલગ અલગ અવ્યક્ત ખર્ચને પહોંચી વળવા માટે આકસ્મિક ખર્ચ તરીકે બિલ હિસાબી શાખામાં રજૂ કરીને ઉચ્ચક રકમ લેવામાં આવે છે. ત્યારબાદ સમગ્ર ખર્ચનું વિગતવાર બીલ સાથે રજૂ કરીને થયેલ ખર્ચ અને જમા રહેલ બચત રકમનો હિસાબ રજૂ કરવામાં આવે છે. આવા પ્રસંગે નિયંત્રણના હેતુસર સંયુક્ત એક આકસ્મિક ખર્ચનું રજિસ્ટર નિભાવવાનું રહે છે. ત્યારબાદ હિસાબી શાખામાં હિસાબ સરભર કરાવવાની પદ્ધતિ છે. ગુજરાત તિજોરી નિયમો – ૨૦૦૦ ભાગ –૧ પ્રકરણ – ૯ માં દર્શાવ્યા મુજબ ત્રણ માસની અંદર ઉચ્ચક ખર્ચ માટે લેવામાં આવેલ નાણાંનો હિસાબ પેટા વાઉચર સાથે રજૂ કરવાનો રહે છે. વર્ષ ૨૦૧૭–૧૮ ની રેકર્ડની ચકાસણી કરતાં કુલ–૮૯ બીલો ઉચ્ચક ખર્ચ તરીકે રજૂ કરીને નાણા મેળવેલા છે. જેના વિગતવાર હિસાબો વાઉચરો, પેટા વાઉચરો વગેરે રજૂ થયેલા નથી.

મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટની વિગતે કુલ ૮૯ બિલ દ્વારા ઉપાડવામાં આવેલ રકમ રૂ. ૨,૮૭,૭૨,૨૯૬/- ના વિગતવાર ખર્ચના બિલ આધાર સાથે હિસાબી શાખામાં રજૂ ન કરી ગંભીર બેદરકારી દર્શાવેલ છે.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૩૦-૦૬-૨૦૨૫ ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ મળેલ નથી.